## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમે આને પાછો લાવ્યા એ બરાબર પણ, એની ટોપી ક્યાં ગઈ... અમે તેને પહેરાવીને મોકલ્યો હતો...!!

# ગાંધીનગર, મહેસાણા, વિજાપુર અને કડીમાંથી લોખંડના ફરમાની ચોરી કરનાર ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ જગ્યાએ અને મહેસાણાના વિજાપુર, કડીથી સેન્ટીંગ ભરવાના લોખંડના ફરમાની ચોરી કરતા ત્રણ શખ્સોને ચિલોડા હાઈ વે બ્રિજના છેડે થી પકડી પાડી ચોરીના ફરમા ભરેલા બે વાહન કબ્જે કરી કુલ-૭ ગુનાના ભેદ ઉકેલી નાંખ્યો છે. એલસીબી પોલીસે રૂ.૩.૮૫ લાખના સેન્ટીંગના લોખંડના ફરમા નંગ-૫૫૦ તેમજ બે વાહનો કિં.રૂ.૭.૫૦ લાખ મળી કુલ રૂ.૧૧,૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એલસીબી-૧ પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી



આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી લોખંડના ફરમા ચોરી કરતી ટોળકીની વધુ ફરીયાદો ઉઠવા પામી હતી. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી ગાંધીનગર એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હઠળ સ્ટાફના કર્મચારીઓએ તપાસ આરંભી હતી.તે દરમિયાન બાતમી મળી હતી કે કેટલાક શખ્સો બોલેરો અને પીકઅપ ડાલામાં સેન્ટીંગના લોખંડના ફરમા ભરીને ચિલોડા થી રાજસ્થાન તરફ વેચવા માટે જઈ રહ્યા છે. જેને પગલે એલસીબી ટીમે બ્રિજના છેડે વોચ ગોઠવી દીધી હતી. જયારે બાતમીવાળા વાહનોમાં બોલેરો જીપ અને પીકઅપ ડાલુ આવતા પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે વાહનોમાં બેઠેલા શખ્સોના નામ પુછતા સુરેશ કેશુ ગૌતમ મીણા (રહે.ભાડજ ગામ અમવાદા મુળ રાજસ્થાન), નારાયણ કાંતિ કાલીયા રોત (ભાડજ ગામ અમદાવાદ મુળ રહે, ડુંગરપુર રાજસ્થાન),અને જેઠમલ રામલાલ ગુર્જર (રહે. ભંગારના ગોડાઉનમાં ઓગણજ) હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે વાહનોમાં ભરેલા લોખંડના ફરમા વિશે પુછતાછ કરતા તેઓએ બે દિવસ અગાઉ આલમપુર પાસે આવેલી રાજધાની રેસીડેન્સી બાજુમાં ખુલ્લી જગ્યામાં પડેલા ૩૫૦ ફર્મા ચોરી કરીને ડાલામાં નાંખી જેઠમલના ગોડાઉનમાં મુકી આવ્યા હતા.તે ઉપરાંત વિજાપુર, માણસા, ખાત્રજ મોટીભોંયણના ખેતરમાંથી, કડી નર્મદા કેનાલ, વાસણ હડમતીયા અને કલોલ વિસ્તારમાંથી લોખંડના ફરમા ચોરી કરી રાજસ્થાન વેચવા માટે જતા હોવાની કબુલાત કરી હતી. જયારે લોખંડના ફરમા જેઠમલ ભંગારમાં પણ વેચી દેતો હતો. એલસીબી પોલીસે બે વાહનમાં ભરેલા રૂ.૩.૮૫ લાખના લોખંડના ૫૫૦ ફરમા, બે વાહન મળી કુલ કિં.૧૧.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ટેકાના ભાવે રાયડા અને ચણાની ખરીદી આગામી બે થી ત્રણ દિવસમાં શરૂ કરાશે.
- દહેગામ-હિંમતનગર, ખેડબ્રહ્મા સહિત ૧૧ સ્થળોએ સોલાર પ્લાન્ટની સ્થાપના કરવાની સૈધ્ધાંતિક મંજૂરી મુખ્યમંત્રીશ્રીએ આપી છે.
- વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની બેઠક અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યના અધ્યક્ષપદે વિધાનસભા ખાતે મળી હતી.
- ૧ થી ૭ માર્ચ દરમિયાન જનઔષધિ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.
- અડાલજ પ્રભા હનુમાન મંદિર કેમ્પસ ખાતે સ્વામિનારાયણ મંદિરને ૨૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ દરમિયાન 'પર્વ' નામના ઉત્સવની ઉજવણી શરૂ થઈ છે.
- અખિલ ભારતીય નાગર પરિષદ ગાંધીનગર દ્વારા શિવરાત્રિ પર્વની ઉજવણી સાંજે ૮.૩૦ કલાકે વૈજનાથ મહાદેવ મંદિર વાસન ખાતે કરવામાં આવનાર છે.
- શિવરાત્રિ પર્વને લઈ શિવ મંદિરોને શિવભકતો દ્વારા સજાવવામાં આવી રહ્યા છે.
- અમૂલના દૂધમાં ભાવ વધારો થતાં ગૃહિણીઓનું વધુ એક વખત બજેટ ખોરવાઈ જવા પામ્યું છે.
- ગાંધીનગર શહેરમાં ઈવનીંગ વોકર્સની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.
- ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા વધી રહી છે.



સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમ ખાતે આરંગેત્રમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે મેયર હિતેશ મકવાણા, કમિશનર કેયુર જેઠવા, પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટિના પૂર્વ ચેરમેન દેવેન્દ્રસિંહ રાણાએ ઉપસ્થિત રહી ચિ. મૈત્રી પટેલ અને ચિ.વાસવી પટેલને આરંગેક્ષમ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા મેટ્રો પ્રોજેક્ટના કર્મચારીઓને ટીબીની જાણકારી અપાઈ

ગાંધીનગર, તા.૨૮

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહ્વાન કર્યું છે. ત્યારે રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ માંથી ટીબીના રોગને નાબૂદ કરવાનું નક્કી કર્યું છે. જે અન્વયે ગાંધીનગર શહેરી ક્ષય કેન્દ્ર દ્વારા ગાંધીનગર મનપા વિસ્તારમાં



રાયસણ ખાતે મેટ્રો રેલ પ્રોજેકટમાં કામ કરતા કર્મચારીઓને તેમજ કામદારોને ટીબી, રકતપિત, એચઆઈવી અને એઈડ્સ વિશે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં શહેરી ક્ષય અધિકારી ડો.હરેશ પટેલ, મેડીકલ ઓફિસર એમ.જે.બ્રહ્મભટ્ટ, સુપરવાઈઝર કુમાર રાઠોડ, મનિષ ભરાડા ઉપસ્થિત રહ્યા હતા. જયારે મેડીકલ ઓફિસર એમ.જે.બ્રહ્મભટ્ટ દ્વારા રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત ટીબીના રોગ વિશેના નિદાન, સારવાર અંગેની સંપૂર્ણ માહિતી પુરી પાડી હતી. જયારે કાર્યક્રમમાં માહીતી પત્રિકા શહેરી ક્ષય કેન્દ્ર દ્વારા વિતરણ કરાઈ હતી. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે ક્ષય કેન્દ્રના કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# ચિલ્ડ્રન્સ યુનિ.ના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા સરકારી શાળામાં 'પર્યાવરણ બચાવો' કાર્યક્રમ

બાળકોના શારીરિક અને બૌદ્ધિક વિકાસ સાથે તેઓ પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બને તે પણ એટલું જ જરૂરી છે. આ અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે આપેલી પ્રેરણાથી મનોવિજ્ઞાન વિભાગ દ્વારા હાલમાં જ સેક્ટર-૩૦માં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં 'પર્યાવરણ બચાવો' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત મનોવિજ્ઞાન વિભાગના વડા પ્રો. બી. ડી. ઢીલાના માર્ગદર્શનમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મનોવિજ્ઞાન વિષયના બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ 'પર્યાવરણ બચાવો' પર લઘુ-નાટક રજૂ કર્યું હતું. સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓ સૂરજ ત્રિવેદી, માનસી ચૌહાણ અને આશિષ વાગડિયાએ પર્યાવરણ, પ્રકૃતિ અને જળ બચાવો પર વક્તવ્ય આપ્યું હતું.

# સાબરમતી યુનિવર્સિટી ખાતે 'સાયન્સ ડે'ની ઊજવણી

સાબરમતી યુનિવર્સિટી ખાતે આજે નેશનલ સાયન્સ ડેની અનોખી રીતે ઉજવણી કરવામાં



આવી હતી. જેમાં યુનિવર્સિટીમાં શાળાના બાળકો આવ્યા હતા અને તેમણે વિજ્ઞાનને લગતા વિવિધ મોડલ્સ તૈયાર કર્યા હતા. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્વિઝ કોમ્પિટીશન, ઈલોક્યુશન કોમ્પિટીશન, પોસ્ટર મેકિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. આ દરેક સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો.એમ.એમ.પટેલ, રજિસ્ટ્રાર ડો. આશિષ ચતુર્વેદી, ડીન-એકેડેમિક્સ ડો. પરશુરામ ધાકડ તેમજ દરેક ફેકલ્ટીના પ્રોફેસર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ સાયન્સ ડેની યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલી ઉજવણી સંદર્ભે યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો.એમ.એમ.પટેલે ખાસ વાત કરી હતી તેમજ આવનારા દિવસોમાં વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાન



પ્રત્યે ઉત્સુકતા જન્મે અને વિજ્ઞાનના ક્ષેત્રે તેઓ આગળ આવે તેવી અપીલ કરી હતી.

વિજ્ઞાન દિવસ કેમ ઉજવવામાં આવે છે તેમજ પ્રો. સી.વી.રમણનો ખાસ ઉલ્લેખ કરીને રજિસ્ટ્રાર ડો.આશિષ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે દરેક સવાલ અને જિજ્ઞાસાની પાછળ કોઈ ને કોઈ ઈનોવેશન ચોકકસ થાય છે અને તે દરેકની પાછળ કોઈને કોઈ વિજ્ઞાન છુપાયેલું હોય છે. પ્રો. સી.વી. રમણ દ્વારા શોધવામાં આવેલી રમણ ઈફેક્ટ મુદ્દે તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને ઉંડાણમાં સમજ આપી હતી. શાળાના વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રત્યે જાગૃત થાય અને વિજ્ઞાનનું મહત્વ સમજે તે આજના દિવસનો ખાસ ઉદ્દેશ્ય હતો. વિદ્યાર્થીઓ એ પણ તેમણે તૈયાર કરેલા વિવિધ મોડલ્સ વિશે માહિતી આપી હતી તેમજ તેમણે તૈયાર કરેલા મોડલ્સમાં કેવી રીતે વિજ્ઞાન કામ કરે છે તેના વિશે ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું. સ્પર્ધાઓને અંતે વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ખાસ ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

## ગાંધીનર મેડીકલ કોલેજમાં પ્રથમ વર્ષ એમબીબીએસ અભ્યાસનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજની ૧૧ મી બેચના પ્રથમ સત્રનો આજથી ઓફલાઈન અભ્યાસક્રમ શરુ થઈ ગયો છે. તબિબિ વિદ્યાર્થીઓને પ્રથમ સપ્તાહમાં ફાઉન્ડેશન કોર્સ શીખવાડશે જેમાં મેડીકલ ક્ષેત્રની વિધીવત માહીતી પુરી પાડવામાં આવશે. જયારે ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૨૦૦ બેઠકો ધરાવે છે, પરંતુ હજુ કાઉન્સલીગ બાકી હોવાથી ૧૬૦ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સામાન્ય સંજોગોમાં મેડીકલ કોલેજ ઓગસ્ટ મહિનામાં શરુ થઈ જાય છે. પરંતુ કોરોના મહામારીને કારણે નીટની પરીક્ષા તેમજ કોલેજની પ્રવેશ પ્રક્રિયા પણ ખોરંભાઈ હતી. જેથી તા.૨૪ ફેબ્રુઆરીની જગ્યાએ ગાંધીનગર મેડીકલ કોલેજ તા.૨૮ ફેબ્રુઆરીના રોજનો પ્રારંભ થયો છે. અગામી પખવાડીયામાં તમામ વિદ્યાર્થીઓ આવી જતા મેડીકલ કોલેજ ધમધમતી થઈ જશે.

# વડોદરા ગામ નજીક રીક્ષાચાલકને ત્રણ શખ્સોએ માર માર્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક વડાદોરા ગામના પાટીયા થી ગામ તરફ જતા માર્ગ પર જલારામ ફાર્મની પાસે ત્રણ શખ્સો એકઠા થઈને રીક્ષા ચાલક લાલાજીને શરીરે મુઢમાર મારી આંખના ભાગે ઈજા પહોંચાડનાર ત્રણ શખ્સો સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામ રામેશ્વર સોસાયટીની પાછળ શકરકુઈ ખાતે રહેતા નવલસિંહ લક્ષ્મણસિંહ ઝાલા (ઉં.૪૦) રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં બે ભાઈ અને એક બહેન છે. તમામ ભાઈઓ એક જ શેરીમાં રહે છે. ગત તા.૨૬ ફેબ્રુઆરીના રોજ સાંજના સમયે નવલસિંહ ઝાલા ઘરે હાજર હતા. તે સમયે માતા બબુબેનને રીક્ષામાં બેસાડી લાલાજી બજાર લઈ ગયા હતા. સાંજે સાત વાગ્યાના સમયે ફરીયાદી તેમજ તેમના માતા પણ બજારમાંથી ઘરે ખરીદી કરી આવી ગયા હતા.પરંતુ તેમનો ભાઈ લાલાજી રાત્રીના ૧૦ વાગ્યા હોવા છતા આવ્યો ન હતો. તે સમયે અચાનક ફરીયાદીના મામીનો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે લાલાજીના ફોનમાંથી કોઈ અજાણ્યા વ્યકિતનો ફોન આવ્યો હતો અને કહ્યું કે ફોનવાળા ભાઈ વડોદરા પાટીયા થી ગામ તરફ જવાના રસ્તા પર જલારામ ફાર્મ નજીક રીક્ષામાં લોહી લુહાણ હાલતમાં હતા. હું તેમને બેસાડી દહેગામ સરાકીર દવાખાને સારવાર માટે લાવ્યો છું જેથી તમે જલ્દી આવો. જેથી પરિવારના સભ્યો સાથે વાત કરીને તેઓ તાત્કાલીક દવાખાને ફરીયાદી માતા બબુબહેન અને લાલાજીના પત્ની સાથે દોડી આવ્યા હતા. દહેગામથી વધુ સારવાર માટે ગાંધીનગર લઈ ગયા હતા. ત્યાં પ્રાથમિક સારવાર બાદ ખાનગી હોસ્પિટલમાં લાલાજીને ખસેડાયા હતા. લાલાજીને જમા ખભે મુઢમાર, જડબાની ડાબી બાજુ તેમજ નાકે ફ્રેકચર સહિત આંખની ઉપરના ભાગે ટાંકા આવેલા છે. જયારે ફરીયાદીને પોતાના મિત્ર દ્વારા જાણવા મળ્યું હતું કે લાલાજીને દહેગામ ખાતે રહેતા અને રીક્ષા ચલાવતા વિજય ઉર્ફે લપ્પી દિનેશ મારવાડી, વિપુલ મુકેશ ચૌહાણ અને પપ્પી મારવાડી ભેગા મળી માર માર્યો છે. જેથી ફરીયાદીએ ત્રણેય શખ્સો સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ આદરી છે.

# દુધના રૂપીયા ના આપતા ઉશ્કેરાયેલા પતિએ પત્નિને માથામાં ધોકો માર્યો

ગાંધીનગર, તા.૨૮

સરગાસણ મધુરમ ગ્રીન ખાતે ગઈકાલે સાંજના સમયે દુધના પૈસા બાબતે દંપતિ વચ્ચે ડખો થયો હતો. જેમાં પતિએ પત્નિને ધોકા વડે માર મારતા મહિલાને માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સરગાસણ વિસ્તારમાં આવેલા મધુરમ ગ્રીન મકાન નં.કે-૧૦૨ ખાતે રહેતા રેણુકાબહેન લાલજીભાઈ વાળંદ ગઈકાલે સાંજના સમયે તે ઘરે હતા. તે સમયે તેમના પતિએ માથાકુટ કરી હતી. જયારે મહિલાના પતિએ દુધના પૈસા માંગતા મહિલાએ હું કમાવા માટે જતી નથી, તમે તમારા રૂપીયાથી દુધ લઈ આવો તેમ કહેતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને મહિલાને ગડદાપાટુનો માર માર્યો હતો. તેમજ માથાના વાળ પકડીને દિવાલ સાથે માથુ ભટકાવ્યું હતું. જયારે ઘરની બારીમાં રહેલો ધોકો લાવી રેણુકા બહેનને માથાના ભાગે મારતા ઈજા પહોંચી હતી.જયારે હોબાળો થતા આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા અને મકાનનો દરવાજો ખોલાવી વધુ મારમાંથી છોડાવ્યા હતા. જયારે બનાવની જાણ તેમના દિકરાને કરતા તે આવી ગયો હતો અને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયો હતો. જયાં મહિલાને માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા. જયારે મહિલાએ પતિ સામે ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## ચિલોડા ખાતે પલ્સ પોલિયો અભિયાનમાં બાળકોને બે ટીપાં પીવડાવી પ્રેરિત કર્યા

ચિલોડા, તા. ૨૮

સમગ્ર ગુજરાત પોલિયોમુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ચિલોડા મોટા ખાતે પાંચ બુથની વ્યવસ્થા સાથે આરોગ્ય તંત્રે ૦ થી ૫ વર્ષના બાળકોને સુરક્ષિત કરવાના હેતુથી પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત બાળકોને બે ટીપાં રસી પીવડાવી ગામના સ્થાનિક આરોગ્ય ટીમ તથા ગામના અગ્રણી જયમીનભાઈ પટેલ તથા નટુભાઈ પટેલ (પત્રકાર) સહિત બાલમંદિર, જૂની પંચાયત ઘર, એસ. ટી. બસ સ્ટેન્ડ, ચિલોડા સર્કલ, ઓવરબ્રિજ નીચે, એવન બોડી સેન્ટર ખાતે વ્યવસ્થા કરી હતી. તેમજ ગામના વિવિધ વિસ્તારોને આવરી લેવાના પ્રયાસો થકી બાળકોને બે ટીપાં પીવડાવી પ્રેરિત કર્યા હતા.

## એસ.જી. અને એસ.વી. શાળામાં રાષ્ટ્રભાષા હિન્દીની પરીક્ષા યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રભાષા હિન્દીની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે બે દિવસીય કાર્યશાળા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

નેશનલ ફોરેન્સિકસાઈન્સ યુનિવર્સિટી-NFSU (ગૃહ મંત્રાલય, ભારત સરકાર), ગાંધીનગર અને વૈકુંઠ મહેતા રાષ્ટ્રીય સહકારી સંચાલન સંસ્થા-VAMNICOM (સહકાર મંત્રાલય, ભારત સરકાર), પૂણેના સંયુક્ત ઉપક્રમે તા.૧ અને ૨ માર્ચ, ૨૦૨૨ દરમિયાન કાર્યશાળાનું આયોજન નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કાર્યશાળાનો વિષય છે, "બેંકિંગ રેગ્યુલેશન (એમેન્ડમેન્ટ) એક્ટ-૨૦૨૦ એન્ડ મેનેજમેન્ટ ઓફ સ્ટેટ કો-ઓપરેટિવ બેંક્સ ફોર ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર્સ". આ કાર્યશાળાનું ઉદ્દઘાટન ડો. ડી. કે. સિંઘ, IAS સેક્રેટરી-સહકાર મંત્રાલય, ભારત સરકાર કરશે. પ્રથમ દિવસે થનારા ઉદ્દઘાટન સમારોહમાં ડૉ. જે. એમ. વ્યાસ, કુલપતિ, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, શ્રી કે. આર. રાવ, ચેરમેન-NAFSCOB, મુંબઈ અને ડો. હેમા યાદવ, ડાયરેક્ટર-વૈકુંઠ મહેતા રાષ્ટ્રીય સહકારી સંચાલન સંસ્થા, પૂણે (VAMNICOM) ઉપસ્થિત રહેશે.

આ કાર્યશાળાની વિગતો આપતા પ્રો. (ડૉ.) એસ. ઓ. જુનારે, કેમ્પસ ડાયરેક્ટર-NFSU અને ડૉ. વાય.એસ.પાટીલ, હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ, VAMNICOM-પૂણે દ્વારા જણાવાયું છે કે આ કાર્યશાળાનો મુખ્ય હેતુ - બેંકિંગ રેગ્યુલેશન એક્ટ-૨૦૨૦ના અમલીકરણ માટેના મુદ્દાઓને ઓળખવા અને તેની વિસ્તૃત ચર્ચા, રાજ્ય સહકારી બેંકોની કામગીરીમાં માળખાકીય સુધારાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવું અને સાયબર સિકયોરિટી અને તેના અમલ દરમિયાન આવતી સમસ્યાઓ અને પડકારોને ઓળખવાનો છે.


## જાહેર નિવિદા
### તલોદ નગરપાલિકા

| અ.નં | કામની વિગત | (૧) કામની અંદાજીત રકમ<br>(૨) બાનાની રકમ<br>(૩) ટેન્ડર ફી | માન્ય શ્રેણી |
|---|---|---|---|
| ૧ | તલોદ નગરપાલિકા માર્કેટયાર્ડ પાછળ વરસાદી પાણીના નિકાલ માટેની કેનાલ ઢાંકવાનું કામ | (૧) રૂ.૩૬,૦૦,૯૦૬.૫૪<br>(૨) રૂ.૩૬,૧૦૦.૦૦<br>(૩) રૂ.૧૭૭૦.૦૦ | E-1 |
| ૨ | સુભાષ ચોક થી માતાજી ચોક સુધી બન્ને બાજુ ગટર લાઇન નાખવાનું કામ | (૧) રૂ.૩૬,૭૧,૫૯૫.૫૯<br>(૨) રૂ.૩૬,૮૦૦.૦૦<br>(૩) રૂ.૧૭૭૦.૦૦ | E-1 |
| ૩ | (૧) આશ્રય સોસાયટીમાં સી.સી.રોડ બનાવવાનું કામ. (૨) રોયલપાર્ક સોસાયટીમાં ભાણાભાઇના ઘરથી ટી.આર.ચોકડી સુધી સી.સી.રોડ બનાવવાનું કામ | (૧) રૂ.૨૦,૩૯,૧૧૦.૪૪<br>(૨) રૂ.૨૦,૪૦૦.૦૦<br>(૩) રૂ.૧૦૬૨.૦૦ | E-1 |
| ૪ | સેનીટેશન વિભાગમાં શેડ તથા કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ (રી ટેન્ડર બીજો પ્રયત્ન) | (૧) રૂ.૧૪,૯૨,૭૪૪.૦૦<br>(૨) રૂ.૧૫,૦૦૦.૦૦<br>(૩) રૂ.૧૦૬૨.૦૦ | E-2 |
| ૫ | વર્મિ કમ્પોસ્ટમાં શેડ બનાવવાનું કામ (રી ટેન્ડર ત્રીજો પ્રયત્ન) | (૧) રૂ.૭,૧૧,૪૪૨.૦૦<br>(૨) રૂ.૭,૧૫૦.૦૦<br>(૩) રૂ.૧૦૬૨.૦૦ | E-2 |
| ૬ | વર્મી કમ્પોસ્ટમાં સી.સી.રોડ બનાવવાનું કામ (રી-ટેન્ડર બીજો પ્રયત્ન) | (૧) રૂ.૧૦,૩૭,૪૫૬.૦૦<br>(૨) રૂ.૧૦,૪૦૦.૦૦<br>(૩) રૂ.૧૦૬૨.૦૦ | E-2 |
| ૭ | તલોદ નગરપાલિકા વિસ્તારમાં દોલતાબાદ ગામમાં નગરપાલિકા બોરથી તખતસિંહના ઘર સુધી રોડ રીસર્ફેસીંગનું કામ. | (૧) રૂ.૬,૪૯,૮૯૯.૭૬<br>(૨) રૂ.૬,૫૦૦.૦૦<br>(૩) રૂ.૧૦૬૨.૦૦ | E-2 |
| ૮ | મેઇન રોડ થી આનંદપાર્ક સુધી સી.સી.રોડનું કામ (રી ટેન્ડર પ્રથમ પ્રયત્ન) | (૧) રૂ.૪,૬૦,૩૮૬.૦૦<br>(૨) રૂ.૪,૭૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૯ | આમજનતા સોસાયટીમાં ગીતામાર્કેટીંગ પાછળનો સી.સી.રોડ બનાવવાનું કામ | (૧) રૂ.૨,૩૪,૯૯૯.૦૦<br>(૨) રૂ.૨,૪૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૧૦ | વલ્લભકુંજ સોસાયટીમાં શિવમ લેબોરેટરીના ઘર આગળ સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૭૦,૪૦૪.૮૫<br>(૨) રૂ.૮૦૦.૦૦<br>(૩) રૂ.૩૫૪.૦૦ | E-2 |
| ૧૧ | સન્માન સોસાયટીમાં હસમુખભાઇ રમણભાઇના ઘર પાછળ સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૮૭,૭૫૩.૭૬<br>(૨) રૂ.૯૦૦.૦૦<br>(૩) રૂ.૩૫૪.૦૦ | E-2 |
| ૧૨ | શિવમ સોસાયટીમાં ડૉ.વિષ્ણુભાઇના ઘર પાછળ ગટર નાખવાનું કામ. | (૧) રૂ.૧,૯૨,૬૭૩.૬૫<br>(૨) રૂ.૨,૦૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૧૩ | સી.ડી.પટેલ હાઇસ્કુલ પાછળ રાજુભાઇ રાવળના ઘરથી રીન્કુબેનના ઘર સુધી સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૧,૭૫,૨૮૩.૬૮<br>(૨) રૂ.૧,૮૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૧૪ | તલોદગામ ઝાંપામાં બળદેવભાઇ બારોટના ઘરથી જગદીશસિંહ મંગળસિંહના ઘર સુધી સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૮૫,૨૮૪.૦૯<br>(૨) રૂ.૯૦૦.૦૦<br>(૩) રૂ.૩૫૪.૦૦ | E-2 |
| ૧૫ | તલોદગામ ઝાલાવાડામાં પાણીની પાઇપ લાઇન નાખવાનું કામ. | (૧) રૂ.૨,૪૯,૭૫૩.૬૨<br>(૨) રૂ.૨,૫૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૧૬ | મેઇન બજાર રોડથી જૈન દેરાસર સુધી સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૧,૪૧,૪૦૨.૫૫<br>(૨) રૂ.૧,૫૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૧૭ | શાન્તીનગર સોસાયટી પાછળ કોર્ટ તરફ સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૨,૧૦,૪૨૨.૮૭<br>(૨) રૂ.૨,૨૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૧૮ | બાબુભાઇ વણજારાના ઘર થી કૈલાષબેન પ્રજાપતિના ઘર સુધી સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૨,૫૦,૧૨૮.૧૪<br>(૨) રૂ.૨,૬૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |
| ૧૯ | ગણેશપુરા સીતાવાડી,હનુમાન મંદીર થી રમેશભાઇ પટેલના ઘર સુધી સી.સી.રોડ બનાવવાનું કામ. | (૧) રૂ.૧,૯૫,૭૨૮.૫૪<br>(૨) રૂ.૨,૦૦૦.૦૦<br>(૩) રૂ.૭૦૮.૦૦ | E-2 |

| | |
|---|---|
| અનુ.નં. ૧ થી ૭ના ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા પ્રાઇસબીડ સાથે ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખ.<br>ઉપરોક્ત અનુ.નં. ૮ થી ૧૯ના કામની કોરી ટેન્ડર કોપી મેળવવાની છેલ્લી તારીખ. | તા:-૧૬/૦૩/૨૦૨૨,૧૮.૦૦કલાક |
| અનુ.નં. ૧ થી ૭ કામના ફીઝીકલ ટેન્ડર ફી,ઈ.એમ.ડી અને જરૂરી ડોક્યુમેન્ટ આર.પી.એ.ડી થી નગરપાલિકા ખાતે મોકલવાની છેલ્લી તારીખ.<br>અનુ.નં.૮ થી ૧૯ની ભરેલી ટેન્ડર કોપીના ભાવ મોકલવાની છેલ્લી તારીખ. | તા:-૨૪/૦૩/૨૦૨૨,૧૮.૦૦કલાક |

આથી રસ ધરાવનાર કોન્ટ્રાક્ટરશ્રીઓને જણાવવાનું કે તલોદ નગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રી તરફથી ફાળવેલ ગ્રાન્ટમાંથી ઓનલાઈન ઈ-ટેન્ડરોથી ગુજરાત રાજ્ય સરકારશ્રીના વિશેષ લાયકાત ધરાવતા રજીસ્ટર થયેલ ઈજારદરો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. તથા ઈ-ટેન્ડરની વિગતો વેબસાઈટ www.nprocure.com સાઈટ પરથી જોવા મળશે. ફીજીકલ ડોક્યુમેન્ટ 'ચીફ ઓફિસર શ્રી, તલોદ નગરપાલિકા, તલોદ-૩૮૩૨૧૫, જિ. સાબરકાંઠા'ને રજીસ્ટર એ.ડી. દ્વારા મોકલી આપવાના રહેશે.

હિરેન ડી. સોલંકી, ચીફ ઓફીસર, તલોદ નગરપાલિકા
કમળાબા એન. રાઠોડ, ચેરમેન બાંધકામ સમિતિ, તલોદ નગરપાલિકા
રંજનબેન ડી. પટેલ, કારોબારી અધ્યક્ષ, તલોદ નગરપાલિકા
ઋતુલકુમાર પી. પટેલ, ઉપપ્રમુખ, તલોદ નગરપાલિકા
દક્ષાબેન પી. ઝાલા, પ્રમુખ, તલોદ નગરપાલિકા

જા.નં.નપા/ટેન્ડર/૧૩૯૫/૨૦૨૧ તા. ૨૫/૦૨/૨૦૨૨